# મારા દાદા

દાદા મારા ભુલકણા,
તેની તો મઝાની કથા.
જ્યારે જ્યારે જાય પ્રવાસ,
ભુલી આવે બીસ્તર-બેગ.

ચશ્માં મુકે પહેરણ-ખીસ્સે,
ખોળે ઘરને ખુણેખુણે,
આઘા થાય, પાછા થાય,
ચશ્માં ચશ્માં બોલતા જાય.

શોધ્યા કરે ચારે પાસ,
ખીસ્સું બતાવું થાયે ખુશ.
રોજ પુછે બે ત્રણવાર,
આજે થયો કયો વાર?

રવીવાર ના રહેતો યાદ,
પુછે કેમ ના ગયો નીશાળ?
મંદીર જવા નીકળે,
બજારે જઈ પહોંચે.

ચોકલેટ આઈસ્ક્રીમ લાવે
એ તો કદીયે ના ભુલે
દાદા ભલેને ભુલકણા,
બીજી પણ ના કોઈ મણા!

–બળવંત પટેલ,પ્લોટ:૬૬૭, સેક્ટર:૨૧,
ગાંધીનગર–૩૮૨ ૦૨૧–ભારત
('ઉંઝા જોડણી'માં અને 'વીજયા-કલાપી' ફોન્ટમાં)
e-Mail:balvantpatel@icenet.net

# મારાં દાદી

દાદી સાથે જઈએ બજાર,
માંડ કલાકે આવે પાર!
પ્હેલાં જાવું શાકબજાર,
ઢગલે ઢગલે ફરે નજર.

સારુંનરસું પાકી ખબર,
જાણે એમને આંખો ચાર.
પાકા કરે ભાવતાલ,
અડધા દામે માગે માલ.

કીમતકોઠો કરવા પસાર,
રકઝક ચાલે ઝાઝી વાર,
બે વાર કરાવે તોલ,
ના ચાલે કંઈ પોલંપોલ.

થતી અમને ઝાઝી વાર,
થેલીઓ બધી શાકે ચીક્કાર.
પકડાવે મનેય થેલી,
એમનાયે હાથ ના ખાલી,

પછી લૈ જાય ચોકલેટ હાટ,
કહેતાં, કેવી મોંઘીદાટ!
પણ દાદીમા આમ ઉદાર,
ચોકલેટે ખીસું કરે ચીક્કાર.

–બળવંત પટેલ,પ્લોટ:૬૬૭, સેક્ટર:૨૧,
ગાંધીનગર–૩૮૨ ૦૨૧–ભારત
('ઉંઝા જોડણી'માં અને 'વીજયા-કલાપી' ફોન્ટમાં)
e-Mail:balvantpatel@icenet.net